૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
૨૩૨૫૯૭૬૦ (ફેક્સ નં)

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
## ગુજરાત રાજય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦

E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૦૧/૧૬૧૭-૧૬૪૬ તા.૨૦/૦૩/૨૦૧૪

<u>વિષય</u>:- માર્ચ અંતિત કામગીરીના સંદર્ભમાં સરકારશ્રી દ્વારા દૈનિક ધોરણે ખર્ચનો રીવ્યુ કરવા બાબત

## <u>પરિપત્ર નંબર:-૪/૨૦૧૪</u>

માર્ચ અંતિત કામગીરીના સંદર્ભમાં સરકારશ્રી દ્વારા દૈનિક ધોરણે ખર્ચનો રીવ્યુ કરવામાં આવી રહેલ છે. સદરહું રીવ્યુ દરમ્યાન ધ્યાન પર આવેલ છે કે, જિલ્લા તિજોરી કચેરી ખાતે બુક શાખામાં વાઉચરોનું પોસ્ટીંગ પુર્ણ ના થયેલ હોય તેવા વાઉચરનો ખર્ચ સરકારશ્રી કક્ષાએ DSS/MIS માં દેખાતો નથી. જેના લીધે અગત્યનાં નિર્ણયો લેવામાં મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે. આ બાબત ધ્યાને લઇ ખર્ચની રીયલ ટાઇમ વિગતો સરકારશ્રીને મળી રહે તે માટે દૈનિક ધોરણે રોજેરોજનાં પેઇડ બિલો બુક શાખામાં મોકલી વાઉચરો (ખાસ કરીને પ્લાનનાં બિલો)નું ડીટેઇલ પોસ્ટીંગ તે જ દિવસે થઇ જાય તે મુજબની કાર્યવાહી હાથ ધરવા આથી સર્વે શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર તથા વિભાગીય તિજોરી કચેરી, અમદાવાદને આજ્ઞાનુંસાર વિનંતી છે.

હિસાબી અધિકારી

પ્રતિ,

1. શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી,
2. પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
3. તિજોરી અધિકારીશ્રી, વિભાગીય તિજોરી કચેરી, અમદાવાદ

નકલ રવાના:-

સંયુક્ત નિયામકશ્રી, ઇડીપીસેલ, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.